# સમ્બન્ધ એટલે?

## –નીલમ દોશી

સંપતરાયને આજે બાંકડો સાવ અડવો લાગ્યો. કશુંક ખુટતું હોય તેવું કેમ લાગતું હતું? રીટાયર્ડ થયા પછી છેલ્લા એક વરસથી પોતે રોજ સવારે અને સાંજે આ બગીચામાં આવતા હતા. બે વરસથી પત્નીનો સાથ છુટી ગયો હતો. જો કે ઘરમાં દીકરો વહુ હતાં. કોઈ તકલીફ નહોતી. આર્થીક રીતે સધ્ધર હતા. વાંચનનો, સંગીતનો શોખ હતો. તેથી સમય પસાર કરવામાં ખાસ કોઈ તકલીફ નહોતી પડતી. આમ પણ તેમનો સ્વભાવ અતર્મુખી હતો. બહુ બોલવાની આદત નહોતી.

રીટાયર્ડ થયા પછી મનમાં એક ભાવના હતી કે ભગવાને બધું આપ્યું છે. શારીરીક આર્થીક કે માનસીક કોઈ ચીંતા નહોતી. તો હવે સમાજની થોડી સેવા કરવી જોઈએ. કોઈને મદદરુપ થવું જોઈએ એવી ભાવના.. ઈચ્છા મનમાં જાગતી. પરંતુ શું કરવું.. કેમ કરવું.. એવી કોઈ સમજ નહોતી પડતી. અંતર્મુખી સ્વભાવને લીધે ખાસ કોઈ મીત્રો નહોતા…

પણ હમણાં એક નવો મીત્ર મળી ગયેલો. જો કે આમ તો મીત્ર ન કહેવાય. એવી ખાસ કોઈ ઓળખાણ પણ થઈ નહોતી. જે હતી તે ફક્ત મંદીરના આ બાંકડા પુરતી જ સીમીત હતી. તેમની ‘બાંકડામૈત્રી’ કહી શકાય. સંપતરાયને એકલા એકલા હસવું આવી ગયું. બાંકડામૈત્રી… મૈત્રીનો એક સાવ અલગ જ પ્રકાર..! પોતે આ કેવું નામ શોધી કાઢ્યું છે!

એક વરસથી નીખીલભાઈ અને સંપતરાય બંને અહીં લગભગ સાથે જ આવતા. અને આ એક જ બેંચ પર સાથે બેસતા. શરુઆતમાં તો કોઈ વાતચીત નહોતી થતી. પણ રોજ એક જ જગ્યાએ બેસવાથી ધીમે ધીમે પરીચય થયો. પ્રારંભીક વાતચીતની શરુઆત થઈ. નીખીલભાઈનો સ્વભાવ સંપતરાયથી સાવ અલગ. તેમને બોલવા જોઈએ, હસવા જોઈએ. સંપતરાયને તેમની સાથે ફાવી ગયું. નીખીલભાઈ જાત જાતની વાતો કરતા રહેતા, હસતા રહેતા અને હસાવતા રહેતા.

પછી તો બંનેની મૈત્રી બરાબરની જામી. સંપતરાય સારા શ્રોતા અને નીખીલભાઈ સારા વક્તા! જો કે બંને વચ્ચે અંગત વાતો ઓછી જ થતી. એવી કોઈ પુછપરછ ખાસ થતી નહોતી. પુરુષોને કદાચ એવી કોઈ અંગત વાતોની બહુ જરુર નહીં પડતી હોય. નીખીલભાઈની વાતમાં એક જીવંતતા રહેતી. કોઈ રોદણાં નહીં, કોઈની ટીકા નહીં. જાતજાતની વાતોનો ભરપુર ખજાનો તેમની પાસે રહેતો. સંપતરાયના ગંભીર ચહેરા પર પણ હાસ્ય ફરી વળતું. તાજગી અનુભવી તેઓ ઘેર પાછા ફરતા. નીખીલભાઈ આર્થીક રીતે પોતાના જેટલા કદાચ સમૃદ્ધ નહોતા લાગતા; પણ તેથી કોઈ ફરક નહોતો પડતો. બસ, આ માણસ તેને ગમી ગયો હતો.

હવે તો એક દીવસ નીખીલભાઈ ન દેખાય કે મોડા દેખાય તો સંપતરાય ઉંચાનીચા થઈ જાય. પણ હમણાંથી આ ક્રમ જરાક તુટ્યો હતો. છેલ્લા આઠ દીવસથી નીખીલભાઈ બગીચામાં દેખાતા નહોતા. સંપતરાયને તેમના વીના એકલું લાગતું હતું. જાણે બધે સુનકાર છવાઈ ગયો હતો. શું થયું હશે? કેમ નહીં આવતા હોય? માંદા પડી ગયા હશે? પોતે તપાસ તો કરવી જ જોઈએ.

એકાદવાર વાતવાતમાંથી ખબર પડી હતી કે નીખીલભાઈનું ઘર ક્યાંક આટલામાં જ હતું. સંપતરાયને ચીંતા થઈ. થોડી મહેનત, પુછપરછ કરી તેમણે નીખીલભાઈનું ઘર શોધી કાઢ્યું. તેમણે ત્યાં પહોંચી બેલ વગાડી.

એક સ્ત્રીએ બારણું ખોલ્યું. 'નીખીલભાઈ અહીં રહે છે?'

સ્ત્રીએ સંપતરાય સામે જોયું. 'તમારે શું કામ છે?'

'કામ કશું નથી. તેઓ મારા મીત્ર છે. અને અમે રોજ બગીચામાં સાથે....'

તેને આગળ બોલવા દીધા સીવાય સ્ત્રીએ કહ્યું, 'જે હોય તે. હવે તેઓ અહીં રહેતા નથી.'

'મતલબ?'

'મતલબ જે હોય તે. એકવાર કહ્યું ને હવે તેઓ અહીં નથી રહેતા.'

'તો કયાં રહે છે?'

'જહન્નમમાં... અને જહન્નમનો રસ્તો મને ખબર નથી.' કહી સ્ત્રીએ ધડામ દઈને બારણું બંધ કર્યું.

સંપતરાય તો ડઘાઈ જ ગયા! આનો અર્થ શો કરવો કે હવે પોતે શું કરવું તે સમજાયું નહીં. પણ મીત્ર બહારથી જેવો દેખાતો હતો તેવો સુખી તો નથી જ, એટલી ખાતરી તેમને થઈ ચુકી અને ખરેખર તે કોઈ મુશ્કેલીમાં હોય તો પોતે કશુંક કરવું જ જોઈએ. પણ હવે તેમની તપાસ કેમ કરવી? કયાં કરવી?

ત્યાં બાજુવાળા ફ્લેટનું બારણું ખુલતા તેમણે નીખીલભાઈ વીશે પુછ્યું. જવાબ સાંભળી સંપતરાય સ્તબ્ધ બની ગયા! દીકરા–વહુએ નીખીલભાઈને વૃદ્ધાશ્રમમાં પહોંચાડી દીધા હતા. નીખીલભાઈએ પોતાનો ફ્લેટ દીકરાના નામે કરી દીધો હતો અને પૈસા બધા ખલાસ થઈ ગયા હતા. પીતાને ખાલી કરી, ખંખેરીને હવે તેમની પાસે કશું નથી એની ખાતરી થતાં, તેમને ઘરમાંથી કેવી રીતે હાંકી કાઢ્યા હતા.. તે વાત સાંભળતા સંપતરાય હલબલી ઉઠ્યા!

તે સાંજે ઘેર આવી સરખી રીતે જમી પણ ન શક્યા. દીકરાવહુએ પપ્પાનો ચહેરો ચીંતાતુર થયેલ જોઈ પ્રેમથી પુછપરછ કરી, ત્યારે તેમણે બધી વાત કરી. દીકરાએ તરત જવાબ આપ્યો :

'પપ્પા, તમે ચીંતા ન કરો. કાલે જ આપણે તેમને શોધી કાઢીશું. આપણા ગામમાં એક જ તો આવો વૃદ્ધાશ્રમ છે!'

બીજે દીવસે બાપ, દીકરો બંને ગાડી લઈને ઉપડ્યા. ત્યાં પહોંચ્યા બાદ નીખીલભાઈને શોધી કાઢતા કેટલી વાર? નીખીલભાઈ તો મીત્રને જોઈ ગળગળા થઈ ગયા! આવી તો કલ્પના પણ કરી નહોતી કે સંપતરાય તેમને શોધતા અહીં આવી પહોંચે. મીત્ર પાસે ઉઘાડા થઈ જતાં મનમાં થોડો ક્ષોભ જરુર થયો. આટલા સમય સુધી ક્યારેય પોતાની તકલીફની વાત નહોતી કરી. ક્યારેય પરોક્ષ રીતે પણ ઈશારો નહોતો કર્યો. સંપતરાયને જાણ ન થાય માટે પોતે કેટલા સતર્ક રહ્યા હતા. પોતાના જ ખોટા સીક્કાની વાત કેમ કરે?

સંપતરાયે નીખીલભાઈને સારો એવો ઠપકો આપ્યો. બધા થોડીવાર બેઠા. નીખીલભાઈએ કેવી રીતે ભોળવાઈને દીકરા–વહુની વાતમાં આવી જઈ, ભાવનાના પ્રવાહમાં ફ્લેટ પુત્રના નામે કરી દીધો હતો તથા પુત્રે કેવી રીતે બધા પૈસા પડાવી લીધા હતા તે બધી વાત આંસુભીની આંખે કરી. હવે છુપાવવાનો કોઈ અર્થ ક્યાં રહ્યો હતો?

થોડીવારે સ્વસ્થ થયા બાદ નીખીલભાઈ પાછા પોતાના ઓરીજીનલ ફોર્મમાં આવી ગયા.

'મારી રામકહાણી કંઈ નવી નથી. આ તો ભાઈ, 'ઘેર ઘેર માટીના ચુલા' છે. સંસાર છે; ચાલ્યા કરે. અને હું કંઈ અહીં દુઃખી નથી! પુછી જુઓ, આ લોકોને. આવીને બીજે જ દીવસે કેટલી પ્રવૃત્તીઓ અહીં ચાલુ કરી દીધી છે! ઈશ્વરે અહીં સેવા કરવાનો રસ્તો બતાવ્યો છે. આ કદાચ ઈશ્વરનો જ કોઈ સંકેત હશે. કોઈનો દોષ કાઢવાની જરુર નથી. જે થાય કે થશે તે સારા માટે એમ દીલથી સ્વીકારી લીધા પછી, ક્યાંય કોઈ તકલીફ પડતી નથી. હા, બાંકડે બેસી તમારા જેવા મીત્રની કંપની ગુમાવવી પડી એનો અફસોસ થાય ખરો. પણ સંપતરાય, સાચું કહું? તમે મને શોધતા અહીં સુધી આવ્યા અને એ પણ તમારા પુત્ર સાથે, એ જોઈને સમ્બન્ધોમાંથી, મારા દીકરામાંથી, મારો ઉડી ગયેલો વીશ્વાસ મને પાછો મળ્યો છે.'

હવે સંપતરાયનો દીકરો બોલ્યો, 'અંકલ, એક વાત કહું? આજથી તમે પણ મારા પીતાની જગ્યાએ છો. હું તમને અમારે ત્યાં ના, ના.. **'આપણે ઘરે'** લઈ જવા આવ્યો છું. તમારે હવે અમારી સાથે જ રહેવાનું છે. તમારા આવવાથી પપ્પાને ખુબ સારું લાગશે. ને ઈશ્વરની દયાથી ભગવાને અમને ઘણું આપ્યું છે.'

સંપતરાયે પણ પુત્રની વાતમાં સાથ પુરાવતા કહ્યું, 'અને ત્યાંથી આપણે રોજ અહીં આવતા રહીશું. આ બધાને મદદરુપ થવા માટે. જે શક્ય હશે તે આ લોકો માટે પણ કરીશું. ઈશ્વરે મને માર્ગ બતાવ્યો છે.'

નીખીલભાઈને તો આ નીઃસ્વાર્થ સ્નેહ આગળ શું બોલવું તે જ ન સમજાયું! પેટનો દીકરો જ્યારે તરછોડી ગયો, ત્યારે આ પારકો દીકરો તેને ઘેર લઈ જવા આવ્યો છે. ભીની આંખે અને ભીના હૈયે તેમણે જવાબ આપ્યો. *'બેટા, તારી વાત મને સ્પર્શી ગઈ છે. તમે એક સાવ અજાણ્યા માનવીને આટલું કહ્યું તેનો સધીયારો કંઈ ઓછો છે? બેટા, હું રહીશ તો અહીં જ; પણ હંમેશાં યાદ રાખીશ કે મારો એક દીકરો હજુ છે, જેને પીતાની સંભાળ છે, લાગણી છે. બસ બેટા, આગળ કશું બોલીશ નહીં. મને નહીં ગમે તે દીવસે, વીના સંકોચે તારું બારણું જરુર ખટખટાવીશ.'*

નીખીલભાઈ હંમેશ માટે જવા તો તૈયાર ન થયા; પરંતુ સંપતરાય બીજે દીવસથી રોજ સવારથી સાંજ અહીં આવતા થઈ ગયા. અને અહીં જ સેવાની ધુણી ધખાવીને રહે છે. તન, મન, ધન આવા તરછોડાયેલા વડીલો પાછળ અર્પણ કરતા રહે છે. રાત પડ્યે બંને મીત્રો છુટા પડે છે. જો કે દર રવીવારે નીખીલભાઈને સંપતરાયના બંગલે અચુક જવું પડે છે.

બોલો હવે, કયું નામ આપીશું આ સમ્બન્ધને? નામનો મોહતાજ છે ખરો આ સમ્બન્ધ? નામ વીનાના.. કોઈ સગપણ વીનાના આવા અગણીત સમ્બન્ધો જીવનમાં પાંગરતા રહે છે.

એવા સ્નેહભર્યા નીઃસ્વાર્થ સમ્બન્ધોને સલામ.

**–નીલમ દોશી**


**સર્જકસમ્પર્ક :**

**નીલમ હરીશ દોશી,**

eMail : nilamhdoshi@gmail.com
Blog : http://paramujas.wordpress.com/about/
Facebook: https://www.facebook.com/nilamhdoshi


♦●♦

(નેટજગત સાથે જેમનો નાતો છે તેવા વાચકોમાંથી **નીલમબહેન**ના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. લેખીકાબહેન નીલમ દોશીના પુરા પરીચય માટે, તેમની પ્રકાશીત રચનાઓ વીશે, અત્યાર સુધીમાં પ્રકાશીત થયેલાં તેમનાં પુસ્તકો વીશે વીગતપુર્ણ માહીતી મેળવવા, એમના પ્રસીદ્ધ બ્લોગ http://paramujas.wordpress.com/about/ ની મુલાકાત લેવા વીનન્તી.

..ઉત્તમ ગજ્જર..)

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષઃ સોળમું – અંકઃ 462 –September 27, 2020

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,96,07,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,77,76,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 11,26,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 13,51,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@